eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 282
July 29, 2011

## "મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ કવીઝ/નિબંધ/ચિત્ર સ્પર્ધા

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ દ્વારા "જુન–જુલાઈ–૨૦૧૧ મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ" અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર, તેનું જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે સમજણ કેળવાય તે હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૧ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક", પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૦/૦૮/૨૦૧૧ના રોજ વેશભુષા હરિફાઈનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ભાગરૂપે તા. ૧૦/૦૮/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે વેશભુષા હરિફાઈનું આયોજન કતારગામ કોમ્યુનિટી હોલ, તરણકુંડની બાજુમાં, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ કવીઝ/નિબંધ/ચિત્ર સ્પર્ધા

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા "જુન–જુલાઈ–૨૦૧૧ મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ" અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર, તેનું જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વચ્ચે તા. ૨૧/૭/૨૦૧૧ ના રોજ જી. એન્ડ જી.વી.કડીવાળા અને એમ.વી.બુનકી સાર્વજનિક હાઈસ્કુલ, સગરામપુરા ખાતે મેલેરીયા વિષયક "કિવઝ સ્પર્ધા" અને "નિબંધ સ્પર્ધા" નું તથા તા. ૨૨/૭/૨૦૧૧ ના રોજ અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે મેલેરીયા વિષયક "ચિત્ર સ્પર્ધા" નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ. જેમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ–૫૫ શાળાઓના કુલ–૨૫૪ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ સારી રીતે સાર્થક થયો હતો. સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવનાર છે.

ઉકત મુજબની સ્પર્ધાના આયોજન માટે જી.એન્ડ જી.વી.કડીવાળા અને એમ.વી.બુનકી સાર્વજનિક હાઈસ્કુલ અને અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલના આચાર્યશ્રી તથા તેમની ટીમનો ખુબ સારો સહકાર સુરત મહાનગરપાલિકાને સાંપડયો હતો.

તમામ સ્પર્ધાઓ સેન્ટ્રલ ઝોનના આસી. જંતુનાશક અધિકારીશ્રી એન.બી.સુથારના સીધા માર્ગદર્શન અને સુપરવીઝન હેઠળ યોજવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધામાં સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી કે. આઈ. ખત્રી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૧ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક", પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરશ્રી એ.જે.શાહ, શાસક પક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલી આપી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના "શહીદ જવાન" અને "ભારતમાતા કી જય" નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે શહેરના નગરજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૦/૦૮/૨૦૧૧ના રોજ વેશભુષા હરિફાઈનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ભાગરૂપે તા.૧૦/૦૮/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે વેશભુષા હરિફાઈનું આયોજન કતારગામ કોમ્યુનિટી હોલ, તરણકુંડની બાજુમાં, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ હરિફાઈમાં કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. હરિફાઈમાં ભાગ લેવા માટેનાં પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ,ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૦૬/૦૮/૨૦૧૧ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૦૬/૦૮/૨૦૧૧ રાખવામાં આવી છે.

TOP